અનુસૂચિત જાતિના સરકારી કુમાર છાત્રાલય,
ગાંધીનગરનાં મકાન બાંધકામ માટે વર્ષ
૨૦૧૭-૧૮ની નવીબાબતને વહીવટી
મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સકછ/૧૦૧૬/૬૯૮૬૪૫/(ન.બા-૧૦)ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૧/૧૦/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૯/૧૧/૨૦૧૬ના પત્ર ક્રમાંક-અજાક/ગ-૧/૧/૨૦૧૬-૧૭/૨૦૬૮૮-૮૯

ઠ રા વઃ-

ઉપરોકત વંચાણે લીધાં ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૯/૧૧/૨૦૧૬ના પત્રથી અનુસૂચિત જાતિના સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગરનાં મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટે રૂ.૬૨૦/- (અંકે રૂપિયા છ કરોડ વીસ લાખ પુરા) ની નવી બાબતને વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ માટેનાં અંદાજપત્ર પ્રકાશનની નકલ જોતાં અનુસૂચિત જાતિના સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગરનાં મકાન બાંધકામ માટે નવી બાબત તરીકે માંગણી ક્રમાંક-૯૫,મુખ્ય સદર-૪૨૨૫-૦૧-૨૭૭-૦૨ હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં રૂ.૬૨૦/- (અંકે રૂપિયા છ કરોડ વીસ લાખ પુરા) લાખની જોગવાઇ મંજુર રહેલ હોઇ, તેમજ અધિક ઇજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ,ગાંધીનગર આ કામનાં એસઓઆર-૨૦૧૫-૧૬ આધારિત કુલ- રૂ. ૧૮૬૦/- લાખનાં બ્લોક એસ્ટીમેટ પુરા પાડેલ હોઇ, અનુસૂચિત જાતિના સરકારી કુમાર છાત્રાલય, ગાંધીનગરનાં મકાન બાંધકામ માટેનાં કુલ અંદાજીત ખર્ચ રૂ.૧૮૬૦/- (અંકે રૂપિયા અઢાર કરોડ સાઇઠ લાખ પુરા) ની તથા વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ રૂ.૬૨૦/- (અંકે રૂપિયા છ કરોડ વીસ લાખ પુરા) ની નીચે મુજબની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં પીડબ્લ્યુડી મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી,પુરાતત્વ ખાતું, વન પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયત્રંણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પ્રર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો /પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલના કરવાનું રહેશે

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકબની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૦૬-૧૦-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
અધિક ઇજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ,ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.ગાંધીનગર
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.ગાંધીનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.ગાંધીનગર
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.